## ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ, ડભોઈ ખાતે એક દિવસીય તાલીમ તથા મગ બિયારણ વેચાણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ, ડભોઇ ખાતે ચાલતી સરદાર સરોવર યોજના અંતર્ગત તા. ૦૧/૦૨/૨૦૨૧ ના રોજ કેન્દ્ર ખાતે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુનિટ વડાશ્રી એ. જી. પંપાણીયા સાહેબએ સંશોધન કેન્દ્ર વિશે માહિતગાર કર્યા તથા પ્રમાણિત બીજ વાપરવા માટે ખેડુત મિત્રોને આગ્રહ રાખવા જણાવ્યુ. ખેતી અધિકારીશ્રી ડી. કે. રાઠવા દ્વારા જૈવિક ખાતરની ઉપયોગિતા વિશે વક્તવ્ય આપ્યું અને સજીવ ખેતી કરવા માટે ખેડુત મિત્રોને પ્રેરીત કર્યા. તેમજ ડો. વિપુલ પટેલએ ઉનાળુ મગની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ પર વિસ્તુત માહિતી આપી તથા નાડેપ પધ્ધતિ દ્વારા કમ્પોસ્ટ ખાતર બનાવવાની રીત સમજાવી. ઉનાળુ મગના વાવેતર માટે ખેડુતભાઇઓને મગની જાત GAM-5નું વેચાણ પણ હાથ ધરવામાં આવ્યુ.







